# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-01-2025 Day : Monday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## પીએમ – આયુર્વેદ સંસ્થા

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે વર્ચ્યુઅલ રીતે નવી દિલ્હીના રોહિણી ખાતે કેન્દ્રીય આયુર્વેદ સંશોધન સંસ્થાની નવી ઇમારતનો શિલાન્યાસ કર્યો હતો. નવી અત્યાધુનિક ઇમારત લગભગ 185 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવશે. સર્વગ્રાહી ઉપચાર, વિશિષ્ટ ક્લિનિક્સ અને કૌશલ્ય વિકાસ સહિતની સુવિધા અહીં 2.92 એકરમાં ઉભી કરવામાં આવશે.**

**પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ગરીબ લોકો માટે આરોગ્ય સંભાળ સુલભ બનાવવા પર સરકાર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે સરકાર આયુષ અને આયુર્વેદ જેવી પરંપરાગત ભારતીય દવા પ્રણાલીઓને પણ પ્રોત્સાહન આપી રહી છે. તેમણે કહ્યું કે છેલ્લા એક દાયકામાં આયુષ પ્રણાલી 100થી વધુ દેશોમાં વિસ્તરી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતમાં વિશ્વની આરોગ્ય અને સુખાકારીની રાજધાની બનવાની ક્ષમતા છે. તે દિવસ દૂર નથી જ્યારે વિશ્વ હીલ ઇન ઇન્ડિયાને મેક ઇન ઇન્ડિયા જેવા મંત્ર તરીકે અપનાવશે.**

--------------------------------------------------------------------------------

## પીએમ – દિલ્હી વિકાસ શિલાન્યાસ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે દિલ્હીમાં 12,200 કરોડ રૂપિયાથી વધુના મૂલ્યના બહુવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું. પ્રોજેક્ટ્સનું મુખ્ય ઉદેશ્ય પ્રાદેશિક જોડાણ વધારવા અને મુસાફરીની સરળતા સુનિશ્ચિત કરવાનું છે. પ્રધાનમંત્રીએ સાહિબાબાદ આરઆરટીએસ સ્ટેશનથી ન્યૂ અશોક નગર આરઆરટીએસ સ્ટેશન સુધી નમો ભારત ટ્રેનમાં સવારી પણ કરી હતી.**

---

## સીએમ- નેશન્લ બાસ્કેટ બોલ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે ભાવનગરમાં 74મી સિનિયર નેશનલ બાસ્કેટબોલ સ્પર્ધાનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, 2035નાં ઓલિમ્પિકની દાવેદારી માટે રાજ્ય સરકારે અત્યારથી તૈયારી શરૂ કરી છે. તેમણે સ્પર્ધામાં ભાગ લઈ રહેલા તમામ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધા 12 જાન્યુઆરી સુધી યોજાશે. પ્રથમ મેચ પંજાબ અને મધ્યપ્રદેશ વચ્ચે રમાશે. અગાઉ, મુખ્યમંત્રીએ વાઈબ્રન્ટ ભાવનગર વિઝન 2030 વેપાર અને ઉદ્યોગ પ્રદર્શન નિહાળ્યું હતું.

---

## જુનાગઢ – આરોહણ-અવરોહણ

જૂનાગઢમાં ગઈકાલે રાજ્યકક્ષાની 39મી આરોહણ - અવરોહણ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં એક હજાર 193 જેટલાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા ચાર વિભાગમાં યોજાતી હોય છે. જેમાં ભાઈઓ માટે પાંચ હજાર પગથિયાં એટલે અંબાજી મંદિર સુધી અને બહેનો માટે બે હજાર બસો પગથિયા એટલે માડી પરબ સુધીની આ સ્પર્ધા યોજાય છે.

આ સ્પર્ધામાં સીનીયર બહેનોમાં જાડા રીંકલે ૩૮ મીનીટના સમય સાથે સીનીયર બહેનોમાં તેમજ સીનીયર ભાઈઓમાં વાઘેલા શૈલેષે ૫૯.૧૪ મીનીટના સમય સાથે ગિરનાર સર કરી પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

---

## મુંદરા- બોટ દુર્ઘટના

દેવભૂમિ દ્વારકાના સલાયાથી પાંચ માછીમારો ‘નુરે શકુર’ નામની બોટમાં મુન્દ્રાના વેસ્ટ પોર્ટ વિસ્તારમાં માછીમારી કરવા આવ્યા હતા જે બાદ મધરાતે અચાનક બોટમાં ખામી સર્જાતના તે બોટ ડૂબવા લાગી હતી. જેની જાણ થતા મુન્દ્રા મરીન પોલીસની ટીમ ઇન્ટરસેપ્ટર બોટથી દરિયામાં દોડી ગઈ હતી અને બચાવ કામગીરી હાથ ધરી સલાયાથી દરિયો ખેડવા નીકળેલા પાંચેય માછીમારોને રાત્રે રેસ્ક્યુ કરી બચાવી લીધા હતા.

---

## ગુરૂ ગોવિંદસિંહ જન્મદિવસ

શીખ ધર્મના દસમા ધર્મગુરુ ગોવિંદસિંહજીની જન્મ જયંતિની આજે ઉજવણી થઈ રહી છે. તેમણે જીવનભર માનવ સેવા અને ધર્મ ભાવનાના પ્રસારમાં તેમણે જીવન ખર્ચી નાખ્યું હતું. ભુજ અને ગાંધીધામમાં શીખ ગુરુ દ્વારા છેલ્લા ત્રણ દિવસથી વિવિધ ધાર્મિક કાર્યકમો યોજાઈ રહ્યા છે, જેનું આજે સમાપન થશે.

---

## હવામાન

હવામાન વિભાગે આજથી ઠંડીનો વધુ એક રાઉન્ડ શરૂ થવાની આગાહી કરી છે. છેલ્લાં 24 કલાક દરમિયાન નલિયાનું તાપમાન ઘટીને 7.8 ડિગ્રી સેલ્સિયસ થયું છે . જયારે કચ્છ સહિત રાજ્યના અન્ય જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન વધુ નોંધાઈ રહ્યું છે.

---

## કુકમા રામકૃષ્ણ ટ્રસ્ટ શિબિર

કુકમાની સંસ્થા શ્રી રામ કૃષ્ણ ટ્રસ્ટ દ્વારા ગાય આધારીત ખેતીની તાલીમ આગામી 11થી 13 જાન્યુઆરી દરિમિયાન યોજાશે. જેમાં ખેડૂતો , લોકો અને વિધાર્થીઓ ભાગ લઈ શકશે. આ શિબિરમાં ખેડૂતોની સાથે કૃષિ નિષ્ણાતો દ્વારા વિવિધ સત્રો ઉપરાંત ટ્રસ્ટ દ્વારા બનાવાયેલી પ્રાકૃતિક ખેતી પરની ફિલ્મ તેમજ પ્રશ્નોતરી સહિતના કાર્યક્રમો યોજાશે.

---